# સંસ્કૃત-સુભાષિત-સ્યન્દિકા
# વાલ્મીકિ-ગિરિ-સંભૂતા

**વિજય પંડ્યા**

ભારતમાં સર્વ કાવ્યોના પુરોગામી વાલ્મીકિ-રામાયણ-ગિરિમાંથી અનેક સ્યન્દિકાઓ ઉદ્ભવી. આગળ જતાં આ સ્રોતસ્વિનીઓ મહાનદમાં પણ પરિવર્તન પામી. આમાંની એક ઋતુવર્ણનની પણ હતી.પણ એ કહેવું અનાવશ્યક છે કે માનવીયતાના આ મહાકાવ્યમાં સર્વ માનવસંદર્ભથી સૂત્રિત છે.

સીતાના અપહરણને કારણે વિરહી રામ દ્વારા શરદઋતુનું વર્ણન થયું છે. અને એટલે વર્ણનમાં રામની તત્કાલીન માનસિક સ્થિતિનો ભાવ ઉમેરાયો છે. તો આપણે કિષ્કિન્ધાકાણ્ડમાં ૨૯મા સર્ગમાં આવતા શરદઋતુના વર્ણનનો (સંપાદિત) અંશ જોઈએ, માણીએ.

**ગુહાં પ્રવિષ્ટે સુગ્રીવે વિમુક્તે ગગને ઘનૈઃ ।**
**વર્ષારાત્રોષિતો રામઃ કામશોકાભિપીડિતઃ ॥ ૧**

**પાણ્ડુરં ગગનં દૃષ્ટ્વા વિમલં ચન્દ્રમણ્ડલમ્ ।**
**શારદીં રજનીં ચૈવ દૃષ્ટ્વા જ્યોત્સ્નાનુલેપનમ્ ॥ ૨**

**કામવૃત્તં ચ સુગ્રીવં નષ્ટાં ચ જનકાત્મજામ્ ।**
**બુદ્ધ્વા કાલમતીતં ચ મુમોહ પરમાતુરઃ ॥**

**સ તુ સંજ્ઞામુપાગમ્ય મુહૂર્તાન્મતિમાન્પુનઃ ।**
**મનઃસ્થામપિ વૈદેહીં ચિન્તયામાસ રાઘવઃ ॥ ૪**

**આસીનઃ પર્વતસ્યાગ્રે હેમધાતુવિભૂષિતે ।**
**શારદં ગગનં દૃષ્ટ્વા જગામ મનસા પ્રિયામ્ ॥ ૫**

**દૃષ્ટ્વા ચ વિમલં વ્યોમ ગતવિદ્યુદ્બલાહકમ્ ।**
**સારસારવસંઘષ્ટં વિલલાપાર્તયા ગિરા ॥ ૬**

**સારસારવસંનાદૈઃ સારસારવનાદિની ।**
**યાશ્રમે રમતે બાલા સાદ્ય મે રમતે કથમ્ ॥ ૭**

**પુષ્પિતાંશ્ચાસનાન્દૃષ્ટ્વા કાઞ્ચાનિવ નિર્મલાન્ ।**
**કથં સા રમતે બાલા પશ્યન્તી મામપશ્યતી ॥ ૮**

**યા પુરા કલહંસાનાં સ્વરેણ કલભાષિણી ।**
**બુધ્યતે ચારુસર્વાઙ્ગી સાદ્ય મે બુધ્યતે કથમ્ ॥ ૯**

**નિઃસ્વનં ચક્રવાકાનાં નિશમ્ય સહચારિણામ્ ।**
**પુણ્ડરીકવિશાલાક્ષી કથમેષા ભવિષ્યતિ ॥ ૧૦**

**સરાંસિ સરિતો વાપીઃ કાનનાનિ વનાનિ ચ ।**
**તાં વિના મૃગશાવાક્ષીં ચરન્નાદ્ય સુખં લભે ॥ ૧૧**

**અપિ તાં મદ્વિયોગાચ્ચ સૌકુમાર્યાચ્ચ ભામિનીમ્ ।**
**ન દૂરં પીડ્યેત્કામઃ શરદ્ગુણનિરન્તરઃ ॥ ૧૨**

(૪-૨૯ - ૧ થી ૧૧, કિષ્કિન્ધાકાણ્ડ)

**અનુવાદ :** જ્યારે સુગ્રીવ ગુફામાં પ્રવેશ્યો, ગગન વાદળોથી મુક્ત બન્યું, તે દરમ્યાન, કામ અને શોકથી પીડિત રામે વર્ષાના દિવસો પસાર કર્યા. ૧

સ્વચ્છ આકાશ અને નિર્મળ ચંદ્રમંડળ તેમજ જ્યોત્સ્નાથી લિપ્ત શારદી રાત્રિને અને વિલાસમાં ખૂંપેલા સુગ્રીવને અને જનકપુત્રીને નષ્ટ થએલી સમજી વીતેલા સમયને પણ જાણી અતિ દુઃખી રામે મુઝારો અનુભવ્યો. ૨, ૩

થોડી ક્ષણોમાં તે મતિમાને સ્વસ્થ થઈ, મનમાં વસેલી વૈદેહીનો રાઘવે વિચાર કર્યો. ૪

પર્વતની સુવર્ણધાતુથી શોભતી ટોચે બેઠેલા તેઓ શરદનું ગગન નિહાળી, મનથી પ્રિયા પાસે પહોંચી ગયા. ૫

વીજળી અને બલાહકોથી મુક્ત અને સારસના કુંજનથી ગુંજતા સ્વચ્છ આકાશને જોઈ, વ્યથિત વાણીથી તેમણે વિલાપ કર્યો. ૬

આશ્રમમાં, જે સારસના કુંજન જેવું ચહકનાર, સારસના કુંજનના નાદથી આનંદ પામતી હતી તે મારી બાલા હવે કેવી રીતે આનંદમાં રહેતી હશે ? ૭

ખીલેલાં સુવર્ણસમાં નિર્મલ આસન વૃક્ષોને જોઈ મને જોતી રહેતી છતાં (હવે) ન જોતી તે બાલા કેવી રીતે આનંદમાં રહેતી હશે ? ૮

જે મધુરભાષિણી પહેલાં કલહંસોના સ્વરથી જાગતી હતી તે મારી સર્વાંગસુન્દરી હવે કેવી રીતે જાગતી હશે ? ૯

સાંભળીને પુણ્ડરીકસમાં નેત્રો ધરાવનારીનું હવે શૂમ થતું હશે ? ૧૦

તે મૃગાક્ષી વિના સરોવરો, સરિતાઓ, વાવો, ઉદ્યાનો અને વનોમાં ફરતા મને જરા પણ સુખ પ્રાપ્ત થતું નથી. ૧૧

મારા વિયોગમાં અને મારાથી દૂર તે કોમળ વનિતાને શરદઋતુના નિરંતર સૌન્દર્યથી ઉદ્‌ભવતો કામ પીડે નહીં તો સારું. ૧૨

**તર્પયિત્વા સહસ્રાક્ષઃ સલિલેન વસુંધરામ્ ।**
**નિર્વર્તયિત્વા સસ્યાનિ કૃતકર્મા વ્યવસ્થિતઃ ॥ ૨૨**

**સ્નિગ્ધગંભીરનિર્ઘોષાઃ શૈલદ્રુમપુરોગમાઃ ।**
**વિસૃજ્ય સલિલં મેઘાઃ પરિશ્રાન્તા નૃપાત્મજ ॥ ૨૩**

**નીલોત્પલદલશ્યામાઃ શ્યામીકૃત્વા દિશો દશ ।**
**વિમદા ઈવ માતંગાઃ શાન્તવેગાઃ પયોધરાઃ ॥૨૪**

**જલગર્ભા મહાવેગાઃ કુટજાર્જુનગન્ધિનઃ ।**
**ચરિત્વા વિરતાઃ સૌમ્ય વૃષ્ટિવાતાઃ સમુદ્યતાઃ ॥ ૨૫**

**ઘનાનાં વારણાનાં ચ મયૂરાણાં ચ લક્ષ્મણ ।**
**નાદઃ પ્રસ્રવણાનાં ચ પ્રશાન્તઃ સહસાનઘ ॥ ૨૬**

**અભિવૃષ્ટા મહામેઘૈર્નિર્મલાશ્ચિત્રસાનવઃ ।**
**અનુલિપ્તા ઈવાભાન્તિ ગિરયશ્ચન્દ્રરશ્મિભિઃ ॥ ૨૭**

**દર્શયન્તિ શરન્નદ્યઃ પુલિનાનિ શનૈઃ શનૈઃ ।**
**નવસંગમસવ્રીડા જઘનાનીવ યોષિતઃ ॥ ૨૮**

**પ્રસન્નસલિલાઃ સૌમ્ય કુરતભિર્વિનાદિતાઃ ।**
**ચક્રવાકગણાકીર્ણા વિભાન્તિ સલિલાશયાઃ ॥ ૨૯**

**અન્યોન્યબદ્ધવૈરાણાં જિગીષૂણાં નૃપાત્મજ ।**
**ઉદ્યોગસમયઃ સૌમ્ય પાર્થિવાનામુપસ્થિતઃ ॥ ૩૦**

**અનુવાદ :** ઈન્દ્ર વસુન્ધરાને જળથી તૃપ્ત કરી, અનાજ પકવી, કાર્ય પાર પાડીને હવે સ્થિર થયા છે. ૧૩. (૨૨)

હે રાજપુત્ર (લક્ષ્મણને સંબોધન), પર્વતો અને વૃક્ષો આગળથી પસાર થઈ, રમણીય અને ઊંડી ગર્જના કરતાં વાદળો જળ વર્ષાવીને શાંત થયાં છે. ૧૪. (૨૩)

નીલકમલપત્રસમાં શ્યામ, વાદળો, દસે દિશાઓને શ્યામ બનાવી, મદવિહીન હાથીઓની જેમ મંદવેગી બન્યાં છે. ૧૫. (૨૪)

હે સૌમ્ય, જળથી ભરેલાં, મહાવેગી, કુટજ અને અર્જુનનાં પુષ્પોની ગંધને વહન કરનારાં વૃષ્ટિનાં વાવાઝોડાં ફરીને હવે શાંત બન્યાં છે. ૧૬. (૨૫)

હે નિષ્પાપ લક્ષ્મણ, વાદળો, હાથીઓ, મયૂરો અને ઝરણાંઓનો ધ્વનિ એકાએક શાંત થઈ ગયો છે. ૧૭. (૨૬)

મોટા મેઘોથી પ્રક્ષાલિત, સ્વચ્છ અને ચમકતાં શિખરો ધરાવતા પર્વતોને ચન્દ્રકિરણોએ લેપ કર્યો હોય તેવાં તે શોભે છે. ૧૮. (૨૭)

સંગમ વેળાએ લજ્જાળુ યુવતીઓ જેમ પોતાની સાથળો ધીરે ધીરે ખુલ્લી કરે છે તેમ શરદઋતુની નદીઓ ધીરે ધીરે પોતાના કિનારાઓ ખુલ્લા કરે છે. ૧૯ (૨૮)

હે સૌમ્ય, ટીટીડીઓથી ગાજતા, સ્વચ્છ જળ ધરાવતાં જળાશયો, ચક્રવાકનાં ઝૂમખાંઓથી શોભે છે. ૨૦ (૨૯)

હે રાજકુમાર, પરસ્પર બંધાએલી શત્રુતાવાળા, જીતવાની ઈચ્છા ધરાવતા રાજાઓના ઉદ્યોગનો સમય આવી પહોંચ્યો છે. ૨૧. (૩૦)

આ લેખના સંસ્કૃત પાઠ માટે વડોદરાની ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રકાશિત થએલી વાલ્મીકિ-રામાયણની સમીક્ષિત આવૃત્તિ (સ.આ.)નો ઉપયોગ કર્યો છે. ગુજરાત ગૌરવ લઈ શકે તેવો આ વિદ્યાકીય પ્રકલ્પ એમ. એસ. યુનિ.ની આ સંસ્થાએ સુપેરે પાર પાડ્યો છે. પણ આ વિગતનો અહીં ઉલ્લેખ કરવાનું એક બીજું પ્રયોજન પણ છે. કિષ્કિન્ધાકાણ્ડની સ.આ. (સંપાદક ડોલરરાય માંકડ)માં આ લેખમાં ચર્ચિત સર્ગના ૨૭ અને ૨૮મા શ્લોકની વચ્ચે લગભગ ૩૦ શ્લોકો વધારાના આવે છે જેને સ.આ.ના સંપાદકે પ્રક્ષિપ્ત ગણીને સંસ્કૃત ટેક્સ્ટમાં સમાવ્યા નથી. પણ આ પ્રક્ષિપ્ત શ્લોકોમાંથી એક શ્લોકને જોઈ, માણી, આપણે આ લઘુલેખ પૂરો કરીએ.

**મીનોપસંદર્શિતમેખલાનાં નદીવધૂનાં ગતયો'દ્ય મન્દાઃ ।**
**કાન્તોપભુક્તાલસગામિનીનાં પ્રભાતકાલેશ્વિવ કામિનીનામ્ ॥**

(સ.આ.માં અસ્વીકૃત પણ, મુઢોલકરની આવૃત્તિમાં ૪-૩૦-૫૪)

અનુવાદ : માછલીઓ રૂપી મેખલાઓ જેમણે પહેરી છે તે નદી રૂપી વધૂઓની ગતિ આજે હવે મંદ પડી ગઈ છે, જેમ પ્રિયતમથી ભોગવાએલી અસલગામી સ્ત્રીઓની પ્રભાતે ગતિ મંદ પડી જાય છે.

સ.આ.માં અસ્વીકૃત પણ સહૃદય ભાવક માટે આ સોનાની લગડી છે !

જે પણ અનામી કવિ હોય તેની પેલા કવિઓના કવિ મહાકવિ વાલ્મીકિને આ અનુપમ કવિતા દ્વારા નમ્રતાભરી અંજલિ છે એવી મારી સમજ છે.

અને હું પણ વાલ્મીકિના શરદઋતુના વર્ણનને પેલા અનામી કવિની અંજલિ સાથે મારી પ્રણામાંજલિ ભેળવી દઉં છું.

**વિજય પંડ્યા**

ઉપનિષદ, ૧૧એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવૅલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮,

મોબાઈલ : ૯૮૯૮૦૫૯૪૦૪